# <u>આણંદના મે. ચોથા એડી. ચીફ જયુડી.મેજી.ફર્સ્ટ કલાસસાહેબની કોર્ટમાં મું.આણંદ</u>

**<u>ફોજદારી કેસ નં. ૯૭૮૬/૨૦૨૫</u>**

**<u>આંક-૧ લગત હુકમ</u>**

**ફરીયાદી–** સરકારશ્રી

**વિરુધ્ધ**

**આરોપી–** હરખાબેન વા/ઓ વનાભાઈ જીભઈભાઈ વાઘરી
રહે. ખોરવાડ તાબે નવાપુરા સીમ વિસ્તાર,તા.ઉમરેઠ,જિ.આણંદ.

---

૧. આ કામે તપાસને અંતે ત.ક.અ.શ્રીએ આરોપી સામે **ગુજ.પ્રોહી.એકટની કલમ-૬૫ (એફ)** મુજબના ગુનાનું કરેલ છે. આજરોજ આરોપી અદાલત સમક્ષ હાજર છે. આરોપીને બી.એન.એસ.એસ ની ક.૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવી છે. આરોપીએ આજરોજ **<u>નેશનલ લોક અદાલતમાં</u>** પુરસીસ રજુ કરી સ્વૈછિક રીતે ગુનો કબુલ કરતાં હોવાનું જાહેર કર્યુ છે. આરોપીએ તેમનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવી ફરીથી ગુનાનું પુનરાવર્તન નહી થાય તેની ખાતરી આપીને કાયદામાં દર્શાવેલી ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે વિનંતી કરી છે.

૨. આરોપીને તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેમ સમજાવ્યા છે,પરંતુ આરોપી કોર્ટ સમક્ષ જણાવે છે કે તેઓએ કોઈ પણ જાતના દાબ દબાણ વિના અને સંપુર્ણપણે સ્વેચ્છાથી આ ગુના કબુલાત પુરસીસ સહી કરીને રજુ રાખી છે. આરોપીએ પોતે ગરીબ વર્ગના અને કુટુંબમાં એકમાત્ર કમાનાર વ્યકિત હોવાનું જણાવી તેમના ઉપર દયા રાખી કાયદામાં દર્શાવેલી ઓછામાં ઓછી સજા દંડ કરવા પણ વિનંતી કરી છે.

૩. રેકર્ડ ઉપરની હકીકતો ઘ્યાને રાખતા ગુનાના કામે કબજે લીધેલ મુદામાલ સરકારશ્રી ઘ્વારા નિયત કરેલ જથ્થાથી ઘણો ઓછો જણાય છે. આ કામે મુદામાલ અંગે એફ.એસ.એલ. પૃથ્થકરણ અહેવાલ રજુ નથી. આરોપી ગરીબ વર્ગના,કુટંબમાં એક માત્ર કમાનાર વ્યકિત હોવાનું જણાય છે. આરોપીએ પુરસીસમાં જાહેર કર્યા મુજબ તેઓનો પ્રથમ ગુનો છે અને ભવિષ્યમાં કોઈ ગુનો નહી કરે તે અંગેની ખાત્રી આપે છે. આરોપીની દાબ દબાણ સિવાયની સ્વૈચ્છિક ગુના કબુલાત અને ગુનાની ગંભીરતા ઘ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫(૫) GLR ૭૦૯,સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિઘ્ધાંત ઘ્યાને રાખી આરોપીને હળવી માત્રામાં સજા કરવા આવશે તો તે ઉચિત હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

૧. આરોપીને બી.એન.એસ.એસની ક.૨૭૫ અન્વયે **ગુજ.પ્રોહી.એકટની કલમ-૬૫(એફ)** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સાદી કેદની સજા અને **રૂ.૨૦૦/-** (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો આરોપીને વધુ દિન-રની સાદી કેદની સજાનો હુકમ કરવાનું ફરમાવવામાં આવે છે.

૨. મુદામાલ દારૂ અપીલ સમય વીત્યા બાદ નિયમ મુજબ નાશ કરવો.

હુકમ આજ તા.૧૧ મી, માહે- જુલાઇ , સને- ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં સહી કરી,વાંચી, સંભાળવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬ .
આણંદ.

(એચ.જે.વસાવડા)
ચોથા એડી. ચીફ જયુ.મેજી.,આણંદ
(JUDGE CODE- GJ01368)

દંડ રૂ. ૨૦૦/- અંકે રૂપિયા બસો પુરા
પા.નં........................ઉપર વસુલ
આવેલ છે.
તા.૧૧/૦૭/૨૦૨૬
સુપ્રિન્ટેન્ડેન્ટ/નાઝર